# મેઘરજ ભાજપના તાલુકા પંચાયત સદસ્યને પાણી પુરવઠા તંત્ર ગાંઠતું નથી

## પહાડીયા ગામ પાણી માટે વલખા મારતા મામલતદારને આવેદનપત્ર : રાજ્ય સરકારના અંતરિયાળ વિસ્તારોમાં પાણી પહોંચાડવાની મસમોટી જાહેરાતો અને પોકળ

દાવાઓની પોલ ખુદ મેઘરજ તાલુકા પંચાયતના સદશ્ય



મહેશભાઈ ઉપાધ્યાયે જ ખોલી નાખતા હોય તેમ તેમના વિસ્તાર એવા પહાડીયા (મેં) નવી વસાહત વિસ્તારના ૫૦૦ થી વધુ લોકો અને પશુ-પક્ષીઓ પાણી વિના ટળવળતા અને રાજ્ય સરકારે અરવલ્લી જીલ્લાના છેવાડાના વિસ્તાર સુધી પાણી પહોંચાડવા કરોડો રૂપિયાના ખર્ચે એસકે-૨ યોજના હેઠળ નાખેલ પાણીની પાઈપલાઈન અને સંપ કાગનો વાઘ સાબિત થતા અને પાણી પુરવઠા તંત્રના અધિકારીઓ ગાંઠતા ન હોવાથી ગ્રામજનોએ ન્યાય મેળવવા મેઘરજ મામલતદારને આવેદન પાત્ર આપી ન્યાય નહિ મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે હિજરત કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

રાજ્યમાં ભાજપ સરકારના રાજમાં સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ ફાટીને ધુમાડે ગયા હોવાની અનેક બૂમો સતત ઉઠી રહી છે ત્યારે ખુદ ભાજપના મેઘરજ તાલુકા પંચાયત સદશ્ય મહેશભાઈ ઉપાધ્યાયને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ ગાંઠતા ન હોય તો સામાન્ય પ્રજાજનોની હાલત અંગે તો ખુદ લોકોએજ વિચારવું રહ્યું મહેશભાઈના જણાવ્યા અનુસાર મારા માટે મારા મતવિસ્તાર ના પ્રશ્નો મહત્વના છે અને ઉચ્ચ અધિકારીઓ સામે પણ આ અંગે રજુઆત કરતા આંખ આડે કાન કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

સોમવારે બપોરે મેઘરજ તાલુકાના પહાડીયા (મેં) નવી વસાહત વિસ્તારના પ્રજાજનો અને



મહિલાઓ મોટી સંખ્યમાં પાણીની સમસ્યા નિવારણ માટે બેનરો પ્રદર્શિત કરી માટલા ફોડી વિરોધ નોંધાવી મામલતદારને આવેદનપત્ર આપી જણાવ્યું હતુંકે ૫૦૦ થી વધુની વસ્તી ધરાવતા નવી વસાહતના પ્રજાજનો પશુપાલન,ખેતી અને મજૂરી સાથે સંકળાયેલા છે સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે એસકે-૨ યોજના અંતર્ગત પાણીની પાઈપલાઈન અને સંપ બનાવવામાં આવ્યો છે યોજના પૂર્ણ થઈ હોવાછતાં યાંત્રિક ખામીના લીધે પાણી મળતું ન હોવાથી માનવીઓ અને પશુ-પક્ષીઓની હાલત દયનિય બનતા સત્વરે પાણી નહીં પહોંચાડવામાં આવે તો સમસ્ત પહાડીયા (મેં) ગ્રુપ ગ્રામપંચાયતના નવીવસાહત વિસ્તારના લોકોએ ઢોર-ઢાંખર સાથે હિજરત કરવાની અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## અખિલ ભારતીય વનૌષધિ મંડળમાં બિનહરીફ ચુંટાયા

અખિલ ભારતીય વનૌષધિ મંડળ નડિયાદની વાર્ષિક સભામાં સને



૨૦૧૯-૨૦ વર્ષ માટે શંકરભાઈ એન. પટેલ-ભુડાસણ, તા. બાયડ, જિ.અરવલ્લી (પ્રમુખશ્રી ગ્રામલક્ષ્મી ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાન-અમદાવાદ) એકઝીકયુટીવ કમિટીના મેમ્બર તરીકે બિનહરીફ સર્વાનુમતે ચુંટાઈ આવ્યા છે તે બદલ સમાજના આગેવાનો રાજકીય અને સહકારી આગેવાનોએ તેઓને અભિનંદન પાઠવ્યા છે.

## અમદાવાદમાં ઝાડા ઉલ્ટીના ૩૧ દિવસમાં ૧૦૬૨ કેસ

અમદાવાદ શહેરમાં વધતી જતી ગરમી વચ્ચે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. ઉનાળાની સિઝનના અનુસંધાનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ ફલાઈંગ સ્કવોર્ડ વિભાગ દ્વારા અલગ અલગ ઝોનમાં ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળ જુદા જુદા ખાદ્ય પદાર્થોના શંકાસ્પદ નમુના લઈને ચકાસણી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં માત્ર ૩૧ દિવસના ગાળામાં જ ઝાડા-ઉલ્ટીના ૧૦૬૨ અને ટાઈફોઈડના ૫૩૭ કેસ સપાટી પર આવ્યા છે. કમળાના ૨૩૨ કેસ નોંધાઈ ગયા છે. અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય રોગ જેમ કે ડેન્ગ્યુ, ચિકનગુનિયાના આંકડા ઉપર નજર કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૩૧ દિવસના ગાળામાં સત્તાવાર રીતે ૩૫૭ કેસ અને ઝેરી મેલેરીયાના ૧૧ કેસ નોંધાઈ ગયા છે. મે ૨૦૧૮માં ૧૦૩૨૪૧ લોહીના નમૂના લેવામાં આવ્યા હતા.

# ડીસા માર્કેટયાર્ડમાં ઉનાળુ બાજરીની આવક શરૂ

## પ્રતિ મણ બાજરીનો ભાવ રૂ. ૪૦૦થી વધુ મળતા ખેડૂતોમાં ખુશી

ડીસા

ડીસા તેમજ આસપાસના વિસ્તારમાં ઉનાળુ બાજરીનું વાવેતર થતાં ડીસા માર્કેટયાર્ડ માં ઉનાળુ બાજરીની આવક નોંધાવા પામી છે. મોટાભાગના ખેડૂતો ઉનાળુ સિઝનમાં બાજરીનુ વાવેતર કરે છે. ત્યારે ડીસા તેમજ આસપાસના વિસ્તારમાં પિયત વ્યવસ્થાના કારણે ઉનાળુ બાજરીનું મોટા પ્રમાણમાં લહેર પ્રસરી જવા પામી છે. હાલમાં ડીસા માર્કેટયાર્ડમાં પ્રતિ મણ (૨૦ કિલો) બાજરીનો ભાવ રૂપિયા ૪૦૦ થી વધુ મળી રહ્યા છે.

આ અંગે ડીસા માર્કેટયાર્ડના



ગત વર્ષ કરતા આ વર્ષે બાજરીનો સારો ભાવ મળતા ખેડૂતોમાં પણ ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. હાલમાં પ્રતિ મણ બાજરીના રૂપિયા ૪૦૦ થી વધુનો ભાવ મળી રહ્યો છે.

બટાટા નગરી તરીકે ખ્યાતિ પ્રાપ્ત ડીસા પંથકમાં શિયાળુ સિઝનમાં બટાકાના વાવેતર બાદ વાવેતર થયું હતું. જેથી બાજરીની કાપણીની સીઝન શરૂ થતાં જ ડીસા માર્કેટયાર્ડમાં ઉનાળુ બાજરીની આવક શરૂ થવા પામી છે. હાલમાં બાજરીની પ્રતિ દિન ૨૫૦૦ થી ૩૦૦૦ જેટલી બોરી આવક નોંધાઈ રહી છે. જ્યારે ગત વર્ષ કરતા ચાલુ વર્ષે બાજરીનો ભાવ સારો મળતા ખેડૂતોમાં પણ ખુશીની સેક્રેટરી એ જણાવ્યું હતું કે, ઉનાળુ બાજરીની સીઝન શરૂ થતાં જ ડીસા માર્કેટયાર્ડમાં બાજરીની આવકમાં દિન-પ્રતિદિન વધારો નોંધાઈ રહ્યો છે. ખેડૂતોને ગત વર્ષ કરતાં ચાલુ વર્ષે બાજરીનો પોષણક્ષમ ભાવ મળી રહ્યો છે તેમજ આગામી દિવસોમાં બાજરીની દૈનિક ૧૫ થી ૨૦ હજાર બોરી આવવાની શકયતાઓ છે.

# આ ઉનાળે ધ ગ્રાન્ડ અમદાવાદ કાર્નિવલની ભવ્ય શરૂઆત

અમદાવાદ, તા.૩

નવ દિવસ ચાલનાર સમર ફેસ્ટીવલ, ધ ગ્રાન્ડ અમદાવાદ કાર્નિવલ ૨૦૧૯નો આજે અમદાવાદના મેયર કુ. બીજલ પટેલના હસ્તે પ્રારંભ થયો છે. આ કાર્નિવલ ગુજરાતના વ્યાપારી મથક અમદાવાદ શહેરને સમર્પિત કરાયો છે.

ઈવેન્ટ આયોજનમાં પાયોનિયર ગણાતા લલુજી એન્ડ સન્સ દ્વારા આયોજીત આ મેગા કાર્નિવલ તા. ૧ થી ૯ જૂન દરમિયાન યોજાશે. જે આ વેકેશનની મોસમમાં અમદાવાદના નાગરિકો માટે અચુક મુલાકાત લેવા જેવો સમારંભ બની રહેશે.

ધ ગ્રાન્ડ અમદાવાદ કાર્નિવલ ૨૦૧૯, અમદાવાદ શહેરના અત્યંત મહત્વપૂર્ણ સ્થાન ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એકિઝબિશન સેન્ટર ખાતે યોજાયો છે. વાતાનુકૂલિત એકિઝબિશન સ્ટોલ્સમાં ૨૦૦થી વધુ બ્રાન્ડઝ પ્રદર્શિત કરવામાં આવી છે. અંદાજે ૫ લાખ જેટલા મુલાકાતીઓને સમાવનાર આ ફેસ્ટીવલ દરમિયાન ઓડિટોરિયમમાં અમદાવાદમાં લોકોને મનોરંજન માટે વિવિધ રોમાંચક લાઈવ પરફોર્મન્સ અને સ્ટેજ શોનું આયોજન કરવામાં આવ્યું છે.

ધ ગ્રાન્ડ અમદાવાદ કાર્નિવલ ૨૦૧૯માં એફએમસીજી અને હોમ એપ્લાયન્સીસ, ફર્નિચર અને ગૃહ સુશોભન, ટ્રાવેલ અને ટુરિઝમ, એજયુકેશન, બેન્કીંગ અને લાઈફ સ્ટાઈલ સંબંધિત વાતાનુકૂલિત એકિઝબીશન સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્થળે ભીડનું વ્યવસ્થાપન થઈ શકે અને સમારંભ સારી રીતે ચાલતો રહે તે અંગે વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે અને ૨૦૦થી વધુ કાર માટે મોટી પાર્કિંગની સુવિધાની વ્યવસ્થા કરવામાં આવી છે. ધ ગ્રાન્ડ અમદાવાદ કાર્નિવલ ૨૦૧૯નું આયોજન સમગ્ર અમદાવાદ શહેર માટેના મનોરંજન અને શોપીંગના નવ દિવસના ફેસ્ટીવલ તરીકે કરવામાં આવ્યું છે એમ લાલજી એન્ડ સન્સના એમ.ડી. હિમાંશુ અગ્રવાલે જણાવ્યું હતું.

## પાલનપુરના જશપુરીયા ગામે જમીના મુદ્દે કુટુંબિક ભાઈઓ વચ્ચે ધીંગાણું

પાલનપુર

જર જમીન અને જોરૂ ત્રણેય કજીયાના છોરૂ આ કહેવત પાલનપુર તાલુકાના જશપુરીયા ગામે સત્ય સાબિત થઈ હતી. જ્યાં જમીના મુદ્દે મામા- ફોઈના ભાઈઓ વચ્ચે શનિવારે ધીંગાણું ખેલાયું હતુ. જેમાં તિક્ષ્ણ હથિયારો વડે હુમલો કરવામાં આવતાં ગામમાં ભારે દેકારો મચી જવા પામ્યો હતો. ભારે અફરા- તફરી વચ્ચે આ હૂમલામાં બંને પક્ષે નવ વ્યકિતઓને ઈજાઓ થવા પામી હતી. જેમને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. આ અંગે સામસામે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ધાનેરામાં રામચંદ્ર શાહ હૉસ્પિટલ દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

ધાનેરા, તા. ૩

રામચંદ્ર સ્વરાજ હૉસ્પિટલ ધાનેરા નિરીક્ષક શ્રી રામભાઈ સોની આવ્યા બાદ એક માસમાં આ બીજી વખત ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જોષી ઓર્થોપેડીક સેન્ટર ડીસા અને રામચંદ સ્વરાજ શાહ હોસ્પિટલ ધાનેરાના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉક્ટર અમિતભાઈ જોષી ડીસાની ટીમ દ્વારા દર્દીઓની તપાસ કરવામાં આવી અને મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. લોકોને ઢીંચણના સાંધાનો દુઃખાવો અને થાપાના દુઃખાવો વિશે પણ તપાસ કરવામાં આવી હતી. વધુન આયુષ્માન કાર્ડ તેમજ મા કાર્ડનો પણ ઉપયોગ કરી ઓપરેશન જેવા કેસને પણ હાથ ધરવામાં આવ્યા હતા.

## રાજ્યમાં સૌથી વધુ આગની દુર્ઘટના અમદાવાદમાં નોંધાઈ

અમદાવાદ,તા. ૩

રાજ્યમાં સુરતની ઘટના બાદ ફાયર સેફ્ટીને લઈ રાજ્ય સરકાર સફાળી જાગી છે. દર વર્ષે આગના બનાવોમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. ૨૦૧૭-૨૦૧૮માં રાજ્યમાં ૭૩૩૦ જેટલા આગના બનાવ બન્યાં હોવાનું સામે આવ્યું છે, જેમા સૌથી વધુ આગ બનાવો અમદાવાદ શહેરમાં બન્યાં છે.

૨૦૧૭-૧૮માં કરોડ રૂપિયાની મિલકતોનું નુકસાન થયું છે. આમ જોવા જઈએ તો રાજ્યમાં દરરોજ ૨૧ થી વધુ આગના બનાવો બને છે, જે લગભગ ફાયરવિભાગ કે તંત્રની જાણમાં હોય. આમ ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો, ગુજરાતમાં બનેલા આગના બનાવોમાં ૩૧ ટકાથી વધુ બનાવો તો અમદાવાદ ફાયર વિભાગમાં નોંધાયા છે.

# પ્રાંતિજમાં છેલ્લા ચાર દિવસથી પાણી વેડફાઈ રહ્યું છે

## જવાબદાર તંત્ર ગોરનિદ્રામાં : હજારો લિટર પાણી વેડફાઇ રહ્યું છે પાઇપ લાઇનમાં ભંગાર પડતા પાણીનો વ્યય થઇ રહ્યો છે

પ્રાંતિજ તા. ૩

એક બાજુ પાણી વગર પશુપંખીઓ સહિત લોકો વલખાં મારી રહ્યાં છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા પ્રાંતિજ નગરપાલિકા વિસ્તાર માં આવેલ નાનીભાગોળ સબ જેલ પાસે નગરપાલિકા ની નર્મદા ની પ્રસાર થતી પાણીની પાઈપ લાઈન માં છેલ્લા ચાર બીજીબાજુ ગુજરાત ના વિવિધ વિસ્તારોમાં પાણી માટે લોકો વલખાં મારી રહ્યાં છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકા જવાબ દાર તંત્ર હાલ તો ગોરનીદ્રા માં હોય



ચાર દિવસથી પાણી નો વ્યય થતો જોવા મળી રહ્યો છે તો સ્થાનિકોની રજુઆત બાદ પણ જવાબદાર તંત્ર ગૌરનિદ્રા હોય તેવું હાલતો સ્પસ્ટ પણે જણાઈ આવે છે. દિવસથી ભંગાર થતાં છેલ્લા ચાર દિવસથી હજારો લિટર પાણીનો વ્યય થઈ રહ્યો છે તો પાણી રસ્તા ઉપર વહેતું થતાં કાદેવ કીચડ સાથે અવરજવર કરતા લોકોને મુશ્કેલીઓ ઉભી થવા પામી છે તો તેવું હાલતો જણાઈ આવે છે ત્યારે પ્રાંતિજ પાલિકા દ્વારા ઝડપથી પાઈપ લાઈન માં પડેલ લીકેજ ને લઈને કામગીરી હાથ ધરવામાં આવે તેવી આ વિસ્તાર ના લોકો માગ પણ ઉઠવા પામી છે.

# શામળાજી પોલીસના ત્રણ કોન્સ્ટેબલને ઈકો કારનો પીછો કરવો ભારે પડ્યો

અરવલ્લી જીલ્લામાં બુટલેગરો અને અસામાજિક તત્વો સામે ખાખી વર્દી પણ લાચારી અનુભવી રહી હોય તેમ બેખોફ બની કાયદો હાથમાં લેતા અચકાતા નથી પોલીસ કર્મચારીઓને જ માર પડતી હોય તો સામાન્ય પ્રજાજનો આવા લુખ્ખા તત્વો સામે જોવું પણ





ભારે પડી શકે છે અરવલ્લી જીલ્લામાં પોલીસ કર્મચારીઓ પર હુમલો થવાના બનાવમાં વધારો થતા એકલ દોકલ પોલીસ કર્મચારીઓ પેટ્રોલિંગ માં જવાનું પણ બંધ કરી દે તો નવાઈ નહિ ...! પ્રજાજનોની સલામતી રાખનાર ખાખી વર્દી જ અસલામતી અનુભવી રહી હોય તેવી ઘટના બનતા ચકચાર મચી હતી.

શામળાજી પોલીસસ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ રવિવારે બપોરે ના સુમારે સરકારી પોલીસ વાહન સાથે રતનપુર ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગ કરતા હતા રાજસ્થાન તરફથી આવતી શંકાસ્પદ સફેદ ઈકો કારને અટકાવવા હાથથી ઈશારો કરતા ઈકો કારના ચાલકે કાર ભગાવતા ત્રણ કોન્સ્ટેબલે સરકારી વાહન સાથે પીછો કરતા ઈકો કારના ચાલકે કાર અટકાવી બંને પોલીસ કર્મચારીઓને બેફામ ગાળો બોલી મારઝુડ કરી પથ્થરો થી હુમલો કરી ફરાર થઈ જતા ચકચાર મચી હતી બંને પોલીસકર્મીઓ મારથી બચવા હવાતિયાં મારતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજબજાવતા હેડ કોન્સ્ટેબલ ૧) પ્રવીણભાઈ નાથાભાઈ (બ.નં-૧૩૪),૨)નરેન્દ્રસિંહ કિસ્મતસિંહ (બ.નં-૪૬૨) અને ૩)મહેશ કુમાર બાબુભાઈ (બ.નં-૨૫૭) રવિવારે બપોરે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાનથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા રાજસ્થાન તરફતી આવતી શંકાસ્પદ ઈકો કારને અટકવાવા હાથ થી ઈશારો કરતા ઈકો કારના ચાલકે ગાડી ઉભી નહિ રાખતા ભગાવી મુકતા ત્રણે પોલીસકર્મીઓએ સરકારી વાહન સાથે પીછો કરતા ઈકો કારના ચાલકે આગળ જઈ અટકાવી ઈકો કારના ચાલકને ગાડી ઉભી નહિ રાખવા અંગે પુછાતા ૪ શખ્શો ઉશ્કેરાઈ જઈ પોલીસ કર્મચારીઓ સાથે ઝપાઝપી અને ગાળાગાળી પર ઉતરી આવ્યા હતા અને પોલીસકર્મીઓ પર તૂટી પડતા અને લાકડી અને પથ્થર વડે હુમલો કરી ગડદા પાટુનો માર મારી યુનિફોર્મ ફાડી નાખતા અને ઝપાઝપી કરતા ભારે ચકચાર મચી હતી પોલીસ કર્મચારીઓ પર હુમલો કરી ચારેય શખ્શો ફરાર થઈ ગયા હતા પોલીસ કર્મચારીઓ પર હુમલો થતા મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનાર્મ્ડ હેડ.કોન્સ્ટેબલ પ્રવીણભાઈ નાથાભાઈ (બક્કલ.નં-૧૩૪) ની ફરિયાદ ના આધારે જગદીશ જીવાભાઈ પારઘી અને રસિકભાઈ જીવાભાઈ પારઘી તથા બે અજાણ્યા શખ્શો સામે ઈપીકો કલમ-૩૨૩, ૩૩૭, ૧૮૬, ૩૩૨, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અને જીપીએકટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# કુખ્યાત ગેંગસ્ટર અતિકને સાબરમતી જેલમાં લવાયો

ઉત્તરપ્રદેશમાં રિયલ એસ્ટેટના વેપારીનું અપહરણ કરી ખંડણી માંગનાર કુખ્યાત ગેંગસ્ટર અતિક અહેમહને આજે વિમાન દ્વારા વારાણસીથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો. અતિકને સાબરમતી સેન્ટ્રલ જેલમાં હાઈસિક્યુરીટીમાં ભારે લોખંડી સુરક્ષા વચ્ચે રાખવાની વ્યવસ્થા કરાઈ છે. અતિકને અમદાવાદ લાવવાના પગલે એરપોર્ટ અને જેલની બહાર સુરક્ષા ગોઠવવામાં આવી હતી. આજે સવારે ફ્લાઈટમાં તેને વારાણસીથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો. ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ સાંસદ અને ગેંગસ્ટર એવા અતિક અહેમદના સાગરીતોએ મોહિત નામના વેપારીનું અપહરણ કરી લીધું હતું. બાદમાં તેને દેવરિયા જેલમાં લઈ જઈ માર મારવામાં આવ્યો હતો. રિવોલ્વર બતાવી પાંચ કંપનીની માલિકીનો હક પણ બે યુવકના નામે કરાવી લીધો હતો. અપહરણની અને મારામારીની ઘટના અંગે સીબીઆઈને તપાસ સોપાઈ હતી અને સુપ્રીમકોર્ટે આ કેસની ગંભીરતાથી નોંધ લઈ અતિક એહમદને નૈની જેલમાંથી ગુજરાતની જેલમાં ખસેડવા આદેશ કર્યો હતો. અતિક અહેમદનું ઉત્તરપ્રદેશમાં બહુ મોટું નેટવર્ક છે. તેની સામે ૧૦૯ ગુના નોંધાયા છે અને તેની ગેંગમાં ૧૨૧ લોકો કામ કરે છે. ઉત્તરપ્રદેશની કોઈપણ જેલમાં જાય ત્યાં તેનું મોટું નેટવર્ક હોય છે અને તે જેલમાં આરામથી ખંડણી અને અપહરણ જેવા ગુનાને અંજામ આપે છે.

## પ્રભાવિત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે અનેક નુસખા અજમાવી રહ્યા છે. ગરમીના લીધે નગરમાં લું લાગવાના તેમજ મુર્છિત થવાના કેસમાં પણ વધારો થયો છે. ગરમીથી જનઆરોગ્ય પ્રભાવિત છે. ત્યારે આ આગ ઓકતી ગરમીમાં ઘરની બહાર ન નિકળવા માટે પણ તબીબી સલાહ અનુસરવા આરોગ્યતંત્રએ અપીલ કરી છે. સતત ૧૫ દિવસથી ગરમીનો મિજાજ ઉગ્ર છે. ગરમીનો પારો ૪૨ થી ૪૫ ડીગ્રી વચ્ચે રહેતા સુરજદાદા લાલઘુમ રહે છે. આક્રમક ગરમીમાં ખુલ્લામાં રહેતા શ્રમિકોનુ જીવન પણ દોજખ બન્યુ છે. આકરી ગરમીથી બચવા માટે શહેરીજનો રાત્રિના સમયે ઘરની બહાર લટાર મારવાનુ પસંદ કરે છે.

રાત્રિના સમયે નગરના સર્કલો તેમજ ઉદ્યાનોમાં રોનક નિખરે છે. પરંતુ દિવસ દરમિયાન મોડી સાંજ સુધી સેકટરોની શેરીઓ તેમજ શોપિંગ બજારમાં પણ સન્નાટો છવાયેલો જોવા મળે છે. આજે મહત્તમ તાપમાન ૪૪.૪ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડીગ્રી નોંધાયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ભેજનુ પ્રમાણ પણ વધી ગયુ છે. ગઈકાલે ભેજનુ પ્રમાણ ૬૬ ટકા હતુ. જયારે આજે ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધ્યુ હતુ. સાંજે ભેજનુ પ્રમાણ ૭૬ ટકા રહ્યુ હતુ. આકરી ગરમી વચ્ચે ટુંકમાં વાતાવરણ પલ્ટો થાય તેવી પણ સંભાવના છે. આગામી બે દિવસમાં રાજયમાં વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે ગરમીનુ જોર હળવુ થઈ જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

## ગાબડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફુટપાથના કર્બિંગને કલરકામ તેમજ ગાબડા પુરવા માટે કામગીરી હાથ ધરવામાં આવે છે. પરંતુ આ દરમિયાન પણ સેકટરોને જોડતા માર્ગો સહીત રીંગ રોડ આસપાસના વોક વેની જાળવણી તદન વિસરાઈ ગઈ છે. આ તરફ ડોકિયુ કરવાનો સમય પણ તંત્રને મળતો નથી. સેકટરોમાં વોક વે પર મોટામસ ગાબડા હોય કે ટાઈલ્સો તુટી ગઈ હોય પરંતુ ફુટપાથની જાળવણી માટે કોઈ આયોજન થતુ નથી. વાઈબ્રન્ટ સમિટ વેળાએ નગરને બહારથી રૂપાળુ દેખાડવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ નાગરિકો જયાં રહે છે તેવા વિસ્તારમાં વોક વે પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. જેના લીધે સેકટરવાસીઓ ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. તંત્ર દ્વારા મુખ્યમાર્ગો સિવાય શહેરના રસ્તાઓ આસપાસ સ્થિત રોડ નેટવર્કને અનુલક્ષીને નિર્માણ કરાયેલી ફુટપાથના ગાબડા પુરવા સર્વે કરી યોગ્ય કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા હોવાની પ્રબળ માંગ પણ સેકટરવાસીઓએ વ્યકત કરી છે.

## લાપત્તા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સી-૧૩૦ સ્પેશિયલ ઓપરેશન એરક્રાફ્ટને લોંચ કરી દીધા છે. સંરક્ષણમંત્રી રાજનાથસિંહે વાયુસેનાના ઉપપ્રમુખ સાથે વાતચીત કરીને સર્ચ ઓપરેશન અંગે માહિતી મેળવી હતી. તેમણે ટ્વિટ કરીને કેટલાક કલાકોથી લાપત્તા આઈએએફના એએન-૩૨ એરક્રાફ્ટ અંગે એરફોર્સના વાઈસ ચીફ એરમાર્શલ રાકેશ સિંહ ભદોરિયા સાથે વાતચીત કરી હતી.

તેમણે લાપત્તા વિમાનની શોધખોળ માટે ઈન્ડિયન એરફોર્સ તરફથી ઉઠાવવામાં આવેલા પગલાઓ અંગે માહિતી આપી હતી. હું વિમાનમાં મુસાફરી કરી રહેલા તમામ યાત્રીઓ સલામત રહે તે અંગે પ્રાર્થના કરી રહ્યો છું. અત્રે ઉલ્લેખનીય છે કે, જુલાઈ ૨૦૧૬માં ચેન્નાઈથી પોર્ટબ્લેયર જઈ રહેલું એએન-૩૨ એરક્રાફ્ટ દુર્ઘટનાનો શિકાર બન્યું હતું જેમાં ૨૯ યાત્રીઓના મોત થયા હતા.

## ભંગાણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રાન્સફર નથી થયા. વોટ મળતા તો યાદવ પરિવારના લોકો હારતા નહીં. સપાના લોકોએ ગઠબંધન વિરુદ્ધ કામ કર્યુ છે. મુસલમાનોએ અમારો પુરેપુરો સાથ આપ્યો છે. સૂત્રો પ્રમાણે, ઉત્તરપ્રદેશની ૧૧ વિધાનસભા બેઠકો પર થનારી પેટાચૂંટણીમાં બસપા એકલા હાથે ચૂંટણી લડી રહી છે.બેઠક પહેલા ઉત્તરપ્રદેશના શ્રીવાસ્તીથી નવાનિમણૂક થયેલા બસપા સાંસદ રામ શિરોમણિ વર્માએ ઈવીએમમાં ગોટાળાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, મોટા પ્રમાણમાં ગોટાળો થયો છે. અમે લોકો પહેલાથી જ કહી રહ્યા છીએ કે બેલેટ પેપરથી જ ચૂંટણી કરવી જોઈએ.

## મફત મુસાફરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિવહનનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે. મહિલાઓને ફ્રી યાત્રા આપવામાં ડીએમઆરસીને થનારા નુકસાનની ભરપાઈ દિલ્હી સરકાર કરશે. ચૂંટણી પંચના આંકડાના જણાવ્યા પ્રમાણે દિલ્હીમાં કુલ ૧.૪૩ કરોડ મતદારો છે. તેમાંથી ૬૪ લાખ મહિલા મતદારો છે. આમ, દિલ્હીમાં મહિલાઓની વસતી વધારે છે. દિલ્હીમાં હવે વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે અરવિંદ કેજરીવાલે મહિલાઓને ખુશ કરવાનું કામ કર્યું છે. માનવામાં આવે છે કે, ૬૪ લાખ મહિલા વોટર્સને ટાર્ગેટ કરવા જ અરવિંદ કેજરીવાલે મેટ્રો અને ડિટીસીમાં ફ્રી મુસાફરીની યોજના જાહેર કરી છે.

## વિદેશ જવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમને ૬ સપ્તાહ માટે અમેરિકા અને નીધેરલેન્ડ જઈને ઈલાજ કરવાની પરવાનગી આપી છે. જોકે તે લંડન જઈ શકયા ન હતા. વાડ્રાએ ૨૧ મેના રોજ અરજી દાખલ કરીને ટ્યુમરના ઈલાજ માટે વિદેશ જવાની પરવાનગી માંગી હતી. તેમણે અપીલ કરી હતી કે પાસપોર્ટ કોર્ટમાં જમા છે અને વિદેશ જવા માટે પાસપોર્ટ પરત આપવામાં આવે. વાડ્રાએ કોર્ટમાં સર ગંગારામ હોસ્પિટલનું પ્રમાણ-પત્ર દાખલ કર્યું હતું, જેમાં તેમના મોટા આંતરડામાં ટ્યુમર હોવાની વાત પ્રકાશમાં આવી હતી. ઈડીએ વાડ્રાની ૯ વાર પુછપરછ કરીઃ મની લોન્ડ્રિંગના મામલામાં એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે ૩૦ મેના રોજ રોબર્ટ વાડ્રાની ૯મી વખત પુછપરછ કરી હતી. તેના માટે કોંગ્રેસ જનરલ સેક્રેટરી પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાને લઈને ઈડાની ઓફિસે પહોંચી હતી. ઈડી વાડ્રા સાથે જોડાયેલી ગેરકાયદેસર સંપતિઓ અને લેન્ડ ડીલ કેસની તપાસ કરી રહ્યું છે.